# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૩ - B તા.૦૭-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વન્ય પ્રાણી સપ્તાહ-૨૦૨૧ ની ઉજવણી બાબત.
સંદર્ભ :-ક્રમાંક વપસ/૧૦૧૭/૨૧૦૪/ડબલ્યુ તા. ૦૭-૧૦-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાતના વન્યજીવ વારસાને સાચવી રાખવા વન્ય પ્રાણી સપ્તાહ-૨૦૨૧ ની ઉજવણી અંતર્ગત માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા.૦૮-૧૦-૨૦૨૧ના રોજ સવારે ૧૧-૩૦ થી ૧૨-૦૦ કલાકે રાજયકક્ષાના કાર્યક્રમનું બાયસેગ વંદે ગુજરાત ચેનલ-૧ ઉપર જીવંત પ્રસારણ થનાર છે. આ કાર્યક્રમ ધો.૬ થી ૮ના તમામ વિદ્યાર્થીઓ તથા તમામ શિક્ષકોને નિહાળવા જણાવવામાં આવે છે.

કાર્યક્રમને અંતે કાર્યક્રમ નિહાળેલ વિદ્યાર્થી તથા શિક્ષકોની સંખ્યા તમારા બીટ સુપરવાઈઝરશ્રીને જણાવવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૭-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:વપસ/૧૦૧૭/૨૧૦૪/ડબલ્યુ

**વન અને પર્યાવરણ વિભાગ,**
ગુજરાત સરકાર,
૧૪/૮, સરદાર ભવન, નવા સચિવાલય.
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

સત્યમેવ જયતે
**અરૂણકુમાર સોલંકી** આઈએએસ
**અધિક મુખ્ય સચિવ**

તા. 17 OCT 2021

**વિષયઃ** વન્યપ્રાણી સપ્તાહ-૨૦૨૧ની ઉજવણી બાબત.

આપને સુવિદિત છે કે, ગુજરાતના સમૃધ્ધ વન્યજીવ વારસાને જાળવી રાખવા માટે રાજ્ય સરકારે અનેક સંરક્ષણાત્મક પગલાં લીધાં છે. પરિણામે ગુજરાત રાજ્ય વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. જાગૃતતા એ સંરક્ષણ માટેનું પ્રથમ સોપાન છે. આ દિશામાં પહેલું કદમ લોકોની વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની સભાનતાને જાગૃત કરવાનું છે. લોકોમાં વન અને વન્યપ્રાણી વિશે વધારે જાગૃતિ લાવવા માટે તથા વન્યપ્રાણી લગત વિવિધ યોજના લોકો સુધી પહોંચે, વન્યજીવ સંરક્ષણ પ્રત્યે બાળકોમાં અભિરૂચિ પેદા કરી વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધનમાં સક્રિય ભાગીદારીના ઉમદા હેતુસર દર વર્ષે રાજ્યમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ તારીખ ૨ ઓક્ટોબરથી શરૂ કરીને એક સપ્તાહ સુધીના સમય ગાળામાં "વન્યપ્રાણી સપ્તાહ"ની ઉજવણી ઉત્સાહ અને ઉમંગપૂર્વક કરવામાં આવે છે.

તદઅનુસાર વન્યપ્રાણી સપ્તાહ પ્રસંગે **માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા.૦૮.૧૦.૨૦૨૧ના રોજ ૧૧:30 થી ૧૨:00 કલાકે રાજ્યકક્ષાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.** આ કાર્યક્રમ (1) DD VANDE Gujarat Channel No. 1 on DD Free Dish (2) Chennal No. 2100 on Dish TV DTH (3) JIO TV Mobile Application on Mobile, યુ-ટુબ દ્વારા પ્રસારિત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટેની લીંક (www.youtube.com/watch?v=Oy6c6rNC1KA) છે.

આ કાર્યક્રમમાં જીલ્લા તથા તાલુકા કક્ષાએ મોટી સંખ્યામાં આગેવાનો, પર્યાવરણ તથા વન્યપ્રાણી પ્રેમીઓ, લોકો, અધિકારીઓ જોડાય તે માટે વન વિભાગના આયોજનમાં જરૂરી સહકાર આપવા તથા વન્યજીવ સંરક્ષણ માટેનો માન. મુખ્યમંત્રીશ્રીનો સંદેશો સમગ્ર રાજ્યની જનતા સુધી પહોંચે તે માટે યોગ્ય કરવા વિનંતી છે.

( અરૂણકુમાર સોલંકી IAS )
અધિક મુખ્ય સચિવ

પ્રતિ,

કલેકટરશ્રી, તમામ